# બનારસના અનુભવો

દેવર્ધિ

## ગંગાનો સથવારો

### લેખાંકઃ૬

ગંગા નદીને કારણે બનારસને પ્રસિદ્ધિ મળી છે કે બનારસને કારણે ગંગાનદીનું માહાત્મ્ય વધ્યું છે. આ પ્રશ્ન ચર્ચાતો રહેવાનો છે. ગંગા નદી આશરે ૨૫૨૫ કિલોમીટર લાંબી છે. અંગ્રેજી ભાષાએ ભારતીય શબ્દોને ખૂબ મરોડ્યા છે. આપણે ગંગા બોલીએ છીએ તેનો અંગ્રેજી સ્પેલિંગ ganga થવો જોઈએ તેને બદલે ભળતો જ સ્પેલિંગ લખી દેવાયો છે અંગ્રેજીમાં :આપણી ગંગાને અંગ્રેજી ભાષા ગેંજીસ બોલવાનું કહે છે સ્પેલિંગ લખવાનો ganga કોઈપણ જાતના અફસોસ વિના ભારતીય અંગ્રેજીવિદ્‌લોકો ગેંજીસ, ગેંજીસ બોલતા રહે છે. તમારું નામ મશહુર થાય પછી તમારા માટે કોઈ પણ વ્યક્તિ, કાંઈ પણ બોલી શકે છે. તમે એને રોકી શકતા નથી. ઈતના તો ઝેલના હી પડતા હૈ

અર્હદ્‌અભિષેકમહાપૂજનમાં ગંગાદેવીનું આગમન થાય છે. પાંચમાં આરાના છેવાડે છઠ્ઠા આરામાં શું થશે તેનું વર્ણન વાંચવા મળે, એમાં ગંગા નદી વિષે જરૂર વાત હોય. પતિ ગુમાવ્યા બાદ પત્નીને યમુના સ્વરૂપ કે નર્મદા કાવેરી સ્વરૂપ કહેવામાં આવતી નથી. એને ગંગા સ્વરૂપ કહેવાય છે. ગંગા નદી ભારત દેશ અને બાંગલા દેશની નદી છે. પશ્ચિમ હિમાલયમાંથી ગંગા નીકળે છે. ઉત્તરાખંડથી નીકળીને ગંગા પશ્ચિમ બંગાળ સુધીની લાંબી સફર ખેડે છે. પશ્ચિમ બંગાળમાં ગંગાના બે ફાંટા પડે છે- પહેલો ફાંટો-આદિગંગા અથવા હુઘલી તરીકે ઓળખાય છે. આ ફાંટો પશ્ચિમ બંગાળની વચ્ચેથી વહીને બંગાળ મહાસાગરમાં ભળી જાય છે. બીજો ફાંટો પદ્મા તરીકે ઓળખાય છે. તે બાંગલાદેશમાં જાય છે. અને મેઘના નદીમાં ભળીને બંગાળ મહાસાગરમાં વિલીન થઈ જાય છે. ઈન્ડો-ગેન્જેટિક પ્લેઈનનું વિશ્લેષણ એમ જણાવે છે ક આરાર ૪૦ કરોડ લોકો ગંગાની આસપાસ વસેલા છે. ગંગા કિનારો એક ભવ્ય સામ્રાજ્ય છે. કલ્યાણક ભૂમિના કાંઠે વહેતી નદીને કલ્યાણક નદી કહીએ તો ગમે. શ્રી સુપાર્શ્વનાથ ભગવાન, શ્રી શ્રેયાંસનાથ ભગવાન, શ્રી ચંદ્રપ્રભ સ્વામી ભગવાન, શ્રી પાર્શ્વનાથ ભગવાનની કલ્યાણક ભૂમિ બનારસ છે. એના કિનારેથી વહેતી ગંગા અંદાજે દશ કિલોમીટર સુધી તો બનારસને સ્પર્શતી જ રહે છે.

પોત પોતાના સમયમાં ચારેય તીર્થંકરોએ સંસારી અવસ્થા હતી ત્યારે ગંગામાં નૌકા વિહાર કર્યો હશે. મહેલ હશે અને મહેલનો ઝરૂખો સીધો ગંગા નદી ઉપર ખૂલતો હશે. ત્યાં બેસીને ગંગાને જોઈ હશે. તીર્થંકરોના દેહના પ્રતિબિંબ ગંગાએ કેટલી વાર ઝીલ્યા હશે ? ચારેય તીર્થંકરોનું દૈનિક સ્નાન ગંગાનદીના જળ થકી જ થયું હશે. ગંગાના નીરને જે લાભ મળ્યા છે તેની કલ્પના કરો ત્યારે સમજાવા માંડે કે ગંગા જેવો લાભ ભાગ્યે જ અન્ય નદીને મળ્યો હશે. પ્રયાગરાજ બનારસથી ૧૨૩ કિ.મી. દૂર છે. અહીં પ્રભુ આદિનાથ ભગવાન કેવળ-જ્ઞાન પામ્યા. પટણા પાસે ગંગા વહે છે. અને પાટલીપુત્રની કથાઓમાં ગંગાના ડંકા વાગતા જ રહે છે. અમીશ ત્રિપાઠીની શિવકથાઓ-ગંગાની ધારા પર અવલંબિત છે. પ્રભુ મહાવીરનો ચરણસ્પર્શ ગંગાને મળેલો છે.

બનારસ નિવાસનો એક અર્થ છે, ગંગાનો સથવારો. મહામહોપાધ્યાય શ્રી વિનયવિજયજી મ. મહામહોપાધ્યાય શ્રી યશોવિજયજી મહારાજે ગંગા કિનારે સારસ્વત આશીર્વાદ મેળવ્યા હતા. ધરણેન્દ્ર અને પદ્માવતીનાં પૂર્વ ભવનો અંતિમ સમય સુધારી આપનારું નવકાર શ્રવણ, ગંગાએ જોયું હતું. નાગ કો કિયો સુરપતિ ઈક છિન મે.

ગંગાને મળવાનો જેટલો મોકો મળે એટલો ઓછો



Scanned by CamScanner

લાગે. હું ભેલુપુરથી ભદૈની જતો. ભદૈનીમાં પ્રભુદર્શન કરી ગંગા કાંઠે ચાલતાં ચાલતાં રામઘાટ જઈ શકાય. ભેલુપુરથી ભદૈની અને ભદૈનીથી રામઘાટનો વિહાર ઘણી ઘણી વાર થયો. રામઘાટમાં શ્રી ચિંતામણિ પાર્શ્વનાથ દાદાનું જિનાલય છે. ભદૈનીમાં શ્રી સુપાર્શ્વનાથ દાદાનું જિનાલય છે. પીવીથી સીધું ભદૈની જવાનો રસ્તો આ રીતે છે. પીવીથી કરૌંદી રોડ પર ડાબી તરફ નીકળવાનું. પહેલાં ચૌરાહાથી જમણી બાજુ બીએચયુ રોડ પર ચાલતાં ચાલતાં કાશી હિંદુ યુનિવર્સિટીના મુખ્ય પ્રવેશ દ્વાર સુધી પહોંચવાનું. અહીંથી ડાબી તરફ ચાલતા આગળ નીકળવાનું. મોટો રોડ છે. આને લંકારોડ કહે છે. થોડુંક ચાલીએ એટલે અસ્સી રોડ આવે, ત્યાં વળી જવાનું. જમણા હાથે મકાનોની હરોળની પાછળ ગંગા નજીક આવતી જાય. માર્કેટની દુકાનો વચ્ચે રોડ નાનો થતો જાય. જમણા હાથે નજર રાખવાની. જે રસ્તો જમણી તરફ વળતો દેખાય તે ગંગા તરફ જતો હશે. અસ્સીઘાટ કહાં સે જાના, એમ પૂછવાનું. લોકો રસ્તો બતાવે જ.

અને અસ્સીઘાટ પહોંચતાં જ ખુલ્લા આકાશની નીચે લહેરાતી ગંગા દેખાય. અસ્સીઘાટથી ગંગામહલ ઘાટ , રીવા ઘાટ, તુલસી ઘાટ, તુલસીદાસ ઘાટ, મિશ્રા ઘાટ, ભદૈની ઘાટ, અને જાનકી ઘાટ પસાર કરો ત્યારે આવે વચ્છરાજ ઘાટ. આ ઘાટની ઊંચી અટારીએ છે શ્રી સુપાર્શ્વનાથ જૈન મંદિર.

ભદૈનીમાં દિગંબરોના બે મંદિર છે : એકને શ્રી સુપાર્શ્વનાથ જન્મભૂમિ કહે છે, બીજાને સ્યાદ્વાદ મહાવિદ્યાલય કહે છે. વચ્છરાજ ઘાટના સીડી જેવા ઊંચા પગથિયા ચડતા હાંફ ચડી જાય. આ ઘાટને જૈન ઘાટ પણ કહેવાય છે. ગંગા કિનારે આગળ ચાલો ત્યાં ચેતસિંહ ઘાટ આવે. ઘાટનો સામાન્ય અર્થ થાય છે નદી કિનારે પાણીને અડી રહેલી એવી ભૂમિ-જ્યાં ડૂબવાનો ડર નથી. ઘાટના કિનારે ઈમારત ઊભી કરવામાં આવે છે. અને એને પણ ઘાટનો હિસ્સો ગણવામાં આવે છે. ચેતસિંહ ઘાટની ઈમારત કિલ્લા જેવી ભવ્ય છે. આગળ આવે પંચાયતી અખાડા નિરંજની. શ્રમણ સંઘમાં જે રીતે અલગ અલગ સમુદાય છે તે રીતે હિંદુ સંતોમાં અલગ અલગ અખાડા છે. અખાડાનો આશ્રમ મોટો છે. આગળ આવે સૂર્યોદય હવેલી શિવાલા ઘાટ. કિલ્લાની ઉપર મકાન છે. ત્યાંથી સૂર્યોદય દેખાતો હશે સરસ રીતે. શિવાલા ઘાટને મહાનિર્વાણી ઘાટ પણ કહે છે. મહાનિર્વાણ કેવું સરસ નામ ? આગળ દંડી ઘાટ આવે અને તે પછી હરિશ્ચંદ્ર ઘાટ. સત્યવાદી હરિશ્ચંદ્રની અમુક જીવનઘટના આ સ્થાને ઘટી હતી તેમ કહેવાય છે. અહીં સ્મશાન છે. ભઠ્ઠી વાળું સ્મશાન. એક પાકું મકાન છે. તેમાં ઈલેકટ્રોનિક અગ્નિ સંસ્કાર થાય, આ સ્મશાનની બરોબર સામે, પાણીને અડીને અઘોરી બાબા બેઠા હોય છે, તેમની સાથે કૂતરા, પરિવાર જનની જેમ બેસેલા હોય. આખા શરીર પર ભભૂત ચોપડી હોય. વસ્ત્ર નહીં. પોતાની ધૂનમાં ખોવાયેલા દેખાય. લોકોથી, અવરજવરથી બેપરવા. અહીંથી આગળ છે કેદાર ઘાટ આ હાઉસફૂલ હોય છે. રંગેલા પગથિયાઓ. હરિશ્ચંદ્ર ઘાટ અને કેદારઘાટની વચ્ચે લાલી ઘાટ અને શંકરાચાર્ય ઘાટ છે. લાલી ઘાટ પર બસ સ્ટેશન જેવી બેસવાની જગ્યા છે અને લાલ દીવાલની પાળ છે. તે પછી લાંબા દાદરા જોવા મળે. આ દાદરા પરથી મારી ઘણી ચડઉતર થઈ છે. કેમ કે આ દાદરાથી ઉપર ચડો તે પછી જે રોડ આવે છે તે સીધો ભેલુપુર પહોંચે છે. મારે ભદૈની જવું હોય તોય અહીંથી ઉતરું અને રામઘાટ જવું હોય તોય અહીંથી ઉતરું. લાંબા પગથિયાને અડીને એક ગુરુકુળ છે તેમાં બાળવયના વિદ્યાર્થીઓ સંસ્કૃત ભાષાનો અભ્યાસ કરવા રોકાય છે. વહેલી સવારે એકી સાથે પચાસ પંચાવન વિદ્યાર્થીઓ ગંગા કિનારે બેસી જાય. સૂર્ય ઉગવાનો થાય તે પૂર્વે મંત્રોચ્ચાર કરવા માંડે. એક સરખો લય. પ્રચંડ સ્વરઘોષ. બાળ સહજ માધુર્ય. મંત્રોચ્ચારની શુદ્ધતા.

શંકરાચાર્ય ઘાટને એકદમ અડીને જ વિજય નગરમ્ ઘાટ છે. ગુલાબી મહેલ છે. દાદરાઓની ઉપર, બાજુમાં કેદારઘાટ. લાંબા પગથિયાઓની વચ્ચે કુંડ અને પાણીમાં આગળ સુધી જતો ઘાટ. આગળ થોડુંક



Scanned by CamScanner

ચાલ્યા બાદ આવે.

રામેશ્વર ઘાટ. પછી ચૌકી ઘાટ. પછી માનસરોવર ઘાટ. પછી નારદ ઘાટ. પછી રાજા ઘાટ. પછી બાબુઆ પાંડે ઘાટ પછી રામાશ્રમ. પછી ચૌસટ્ટી ઘાટ. પછી રાણા મહલ ઘાટ. આ મહલ, જો અંદર કોઈ રહેતું હોય તો ખરેખર મહેલ છે. બાકી ભૂતિયા હવેલી હોઈ શકે. આગળ આવે દરભંગા ઘાટ. આ તો વળી એકદમ ઊંચી ભવ્ય ઇમારત છે. રજવાડા શબ્દ લાગુ પડે. છ માળની ઊંચાઇ . સાતમા માળે મોટો ગવાક્ષ. દરભંગા ઘાટની ઇમારત, રાણા મહેલને ઝાંખી પાડી દે છે. પરંતુ બંધ બારીઓ અને ઘણા બધા કબૂતરો જોયા બાદ લાગે કે-વેરાનગી સિવાય બીજું શું હશે અંદર ? સાતમા માળનો ગવાક્ષ જોવા માટે ડોક ઘણી જ ઊંચી કરવી પડે છે. એક શબ્દ ચલણી થયેલો છે : ગગનચુંબી. દરભંગા ઘાટની ઇમારતને એ લાગુ પડે છે. મિનારા જબરદસ્ત. આ ઘાટના પગથિયાની બેય તરફ મોટામોટા ચોતરા બનાવેલા છે. ગંગા-જલ અવલોકન અર્થે.

આગળ આવે મુંશી ઘાટ. તે પછી અહિલ્યાબાઈ ઘાટ. અને પછી આવે દશાશ્વમેઘ ઘાટ. બનારસનો આ સૌથી મશહૂર ઘાટ. બીજા બધા ઘાટ કરતા અહીં વધારે ભીડ રહે. ગંગા આરતી આ ઘાટ પર થાય છે. અને એ જોવા હજારોની ભીડ આ ઘાટ પર જ જમા થાય છે.

હું એક વખત સાંજના સમયે આ રસ્તેથી રામઘાટ જઇ રહ્યો હતો. દશાશ્વમેઘ ઘાટ પર એટલી બધી ભીડ જમા થયેલી કે આગળ જઇ જ ન શકાય. એક વૃદ્ધને પૂછ્યું તો જાણવા મળ્યું કે ગંગા આરતી કે બખત કિસી કો આના જાના અલાઉડ નહીં હૈ. રોકાઇ રહેવું પડ્યું. અને ગંગા આરતી જોવા મળી. એક ઊંચા પગથિયા પર, દૂરથી દૃશ્ય દેખાઇ રહ્યું હતું. અન્ય ધર્મ પ્રત્યે મુગ્ધ થવું અને અન્ય ધર્મની પ્રશંસા કરવી એવો કોઈ વિચાર મનમાં આવ્યો નહીં.

પૂજારીને જોયા. એકદમ યુવા. શારીરિક રીતે સ્લીમ પેટ. બહાર આવેલું નહીં. નૃત્યકલામાં પારંગત હોય તેવી દેહમુદ્રા. વેઠ વાળવાની વૃત્તિ નહીં. દેખાડો કરવાનો ધખારો નહીં. પોતાના કામમાં મગન. આ પૂજારીઓને,મંદિરની ડયુટી પર રાખતા પહેલા, એમનો ઇન્ટરવ્યૂ લેવામાં આવે છે. એમનું ધાર્મિક જ્ઞાન, સંસ્કૃત ભાષાનું જ્ઞાન, આચરણ અને માનસ-ચકાસવામાં આવે છે. એમની ફીટનેસ બાબતે પણ સાવધાની રાખવામાં આવે છે. ગંગા આરતી એ હિંદુ પરંપરા છે. પૂજારીની નિમણૂંક એ સાર્વજનિન બાબત છે. શ્રેષ્ઠ આદર્શ એ છે કે પૂજારી હોય નહીં અને ભક્ત સ્વયં બધું કામ સંભાળી લે. હવે જો પૂજારી રાખવાના જ હોય તો-એક ધારાધોરણ નિયત હોવું જોઈએ પૂજારી માટે. પૂજારીના સૂત્ર-અને મંત્રના ઉચ્ચાર શુદ્ધ હોવા જોઈએ. (મતલબ કે પૂજારીને સૂત્ર અને મંત્ર આવડતા હોવા જોઈએ.) પૂજારી, પોતાના પ્રભુનો પ્રેમી હોવો જોઈએ. પૂજારી, મંદિરના દરેક કામને આનંદ પૂર્વક કરે તેવો પ્રસન્ન હોવો જોઈએ. પૂજારી પૈસાનો લાલચુ ન હોવો જોઈએ. તેમ જ પૈસાની તંગીમાં ન હોવો જોઈએ. પૂજારીને નોકર માનવામાં આવે છે અને નોકરને સસ્તા પગારમાં કામ સોંપવામાં આવે છે. પૂજારીને પરિવારનો સભ્ય માનવામાં આવતો હોય એવું ભાગ્યે જ બને છે. તીર્થોના પૂજારીઓ યુનિયન બાજી કરે છે અને સમસ્યાઓ ખડી કરે છે. તે પૂજારીઓની ભૂલ છે. આવી ભૂલ ચલાવી ન લેવાય. પૂજારીઓની વિદ્વતા અને આરોગ્ય સજ્જતા (ફીટનેસ) નું એક સ્તર નિયત કરી શકાય કે કેમ ? વિચારવા જેવું છે.

મારું ધ્યાન આરતી પર નહોતું ? મારું ધ્યાન આરતી કરી રહેલા પૂજારીઓ પર હતું. એક સાથે સાત પૂજારીઓ એક સરખો પ્રબંધ શંખનાદ કરે. પછી હાથમાં અગરબત્તી લઇ, ઘંટડી વગાડતાં વગાડતાં ઊભડક પગે ધૂપ-આરતી કરે. દીવા નહીં. ફકત ધૂપ. સૌના હાથ એક સાથે ચાલતા હોય. ચારે દિશામાં ઊભા ઊભા ધૂપઆરતી કરવામાં આવે. કોઈ જ ઉતાવળ નહીં. સમયની ધારા ગોઠવાની નથી એવી સભાનતા પૂર્વકની નિરાંત. સતત વહેતી ધૂમ્રસેરોથી હવા ભરાઇ જાય. પછી ધૂપદાનીમાં વિશેષ ધૂમ્રધારાઓ સાથે બીજી ચતુર્મુખ પ્રદક્ષિણા થાય. આનો ધૂમાડો તો રીતસર



Scanned by CamScanner

ધુમ્મસના નાનાભાઈ જેવો. પળ બે પળ માટે પૂજારીના ચહેરા ધૂમાડામાં ડૂબેલા દેખાય. એક મંચ પરથી ગાયક સ્તોત્ર પાઠ કરતો હોય. પૂજારીઓની પાછળ મોટા ડમરુઓ વાગતા દેખાય. અને પછી આરતી શરૂ થાય. ૧૦૮ દીવાની આરતી હોય છે એવી સાત થરની આરતી અને એમાં આશરે ૫૧ જ્યોત. એક હાથે કુશળતાપૂર્વક આરતીનો હાથો પકડી રહેલા પૂજારીની અંગભંગી સાવ સામાન્ય વજન ઊંચકી રહ્યો હોય તેવું વર્તાય નહીં. આરતી પછી કર્પૂર જ્વાલા સાથે શિવતાંડવ સ્તોત્ર પછી લાલ વસ્ત્ર પછી મોરપિંછનો પંખો, પછી શંખનાદ, પછી ચામર, કરતલ/ધ્વનિ. દરેક વખતે ચતુર્મુખ પ્રદક્ષિણા. છેવટે ગંગામાં જલધારા અને કરતલધ્વનિ.

આપણે વીતરાગ પ્રભુની આરતી કરીએ છીએ. આરતીનો આનંદ અનેરો જ હોય છે. હિંદુ પરંપરા જેવી આરતી આપણેય કરવા માંડીએ એ કોઈ જરૂરી નથી. જે ચાલે છે તે સરસ જ છે. સમૂહ આરતીમાં સૌ જોડાતા હોય છે. તે ઘણું છે. વાત ગંગા આરતીની નથી. વાત પૂજારીની છે. ગંગા આરતી બનારસમાં પિસ્તાળીસ મિનિટ લાંબી ચાલે છે. આ આરતી જોનારાઓ કિનારે પણ ઊભા હોય છે અને ગંગામાં બાંધી રાખેલી નાવમાંય બેઠા હોય છે. ગંગા આરતી એ ઈસાઈ અને ઈસ્લામિક ધારાઓની સામે ઊભો રહેનારો એક ભારતીય સંસ્કાર છે. એની તુલના ન હોય. ગંગા આરતીના પૂજારીઓ-સુંદર, સજાવેલા વસ્ત્રોમાં જોવા મળે છે. આપણા પૂજારીઓની વેષભૂષા સારી હોય છે. પૂજારીઓના કપડા મોંઘા અને સુંદર હોય તેવી કલ્પના આવે છે મનમાં ? સારા પ્રસંગે, પૂજારીઓ સજીધજીને તૈયાર થાય તો કેવું સુંદર લાગે ? ગંગા આરતીના પૂજારીઓ લાંબી વિધિ દરમ્યાન દરેક સ્તોત્ર-પદ-મંત્ર સરસ રીતે બોલતા હોય છે. આપણા પૂજારીઓને કેટલા સ્તવન, સ્તોત્ર આવડતાં હોય છે ? ગંગા આરતીની વિધિ પૂજારીઓને આવડતી હોય છે આપણા પૂજારીઓ વિધિકારક જેવા પારંગત હોય છે ? વિચાર આવતા રહ્યા. ઘણી વખત એવું લાગે છે કે આવું વિચારવું ન જોઈએ. પણ મન છે. એટલે વિચાર આવે જ. ભારતમાં જૈન મંદિરો કેટલા છે. જૈન મંદિરોમાં પૂજારીઓ કેટલા છે ? આ દરેક પૂજારી વિદ્વાન વિધિ કુશલ અને પૂજાનંદી છે ખરા ? પૂજારીને આરતી મંગળ દીવો મોઢે હોય છે ? પૂજારીને સત્યાવીસ ડંકા વગાડતા આવડે છે ? પૂજારીને દેવદ્રવ્ય-સાધારણ દ્રવ્યની ભેદરેખાનું ભાન હોય છે ? પૂજારીને નવાંગી પૂજા અને અષ્ટપ્રકારી પૂજાના દોહા આવડતા હોય છે ? મનમાં પ્રશ્નો ચાલતા રહ્યા.

મેનેજમેન્ટ થિયરી અનુસાર, તમારો કર્મચારી કમજોર હોય એ તમારી કમજોરી કહેવાય. આપણા પૂજારીઓ, ટ્રસ્ટીઓને અને ટ્રસ્ટીપત્નીઓને વિશેષ રીતે સાચવે એની અપેક્ષા રાખવામાં આવે છે. ઓછા પગારમાં વધારે કામ કઢાવવાની આદત હોય છે. આખું ગામ પૂજારીના શેઠ બનીને હુકમ ફરમાવતું હોય છે. સૌને પૂજારી પાસેથી સ્પેશ્યલ સર્વિસ જોઈતી હોય છે. ઘણાય મુદ્દા છે જેની પૂજારીને બગાડવામાં ભારી ભૂમિકા હોય છે. પૂજારીઓનું સ્તર ઊંચું આવે એ માટે અલગથી ઘણું થઈ શકે. શું ફકત આપણો જ વાંક, પૂજારીનો કોઈ વાંક જ નહીં ? આ પ્રશ્ન આવે. આની સામે બીજો પ્રશ્ન પણ આવે. શું ફકત પૂજારીનો વાંક, આપણો કોઈ વાંક જ નહીં ? જે સંસ્થાને સારા પૂજારી મળ્યા હોય તે સંસ્થાના જિનાલયો બહુ ઉર્જાવાન્ હોય છે. પૂજારી વધુમાં વધુ સમય જિનાલયમાં વીતાવે છે. પૂજારી વિચિત્ર હોય તેની અસર વાસ્તુ પર આવી શકે. પૂજારી પવિત્ર હોય એ જરૂરી છે.

દશાશ્વમેઘ ઘાટ પછી આવે છે રાજેન્દ્રપ્રસાદ ઘાટ. પછી પ્રયાગ ઘાટ. પછી માનમંદિર ઘાટ. પછી મીર ઘાટ. પછી નેપાલી ઘાટ. પછી લલિતા ઘાટ. પછી જલાસેં ઘાટ પછી આવે છે જગમશહૂર મણિકર્ણિકા ઘાટ. આ ઘાટ પર ઉદાસી હોય છે. સન્નાટો હોય છે. ભય અને શોકની ગહેરી છાયા હોય છે. દૂર દૂર ધુમાડો તરતો આવે છે. એક બદબૂનો ભાર રહે.મહાભારતમાં સ્વયંમતક મણિની ઘટના બની હતી તે મણિ આ ઘાટની જમીનમાં દટાયો છે. પરંતુ આ ઘાટ ખૂબ સૂરત કે



Scanned by CamScanner

ઐશ્વર્યવાન્ નથી. આ ઘાટને લક્કડગંજનું વાતાવરણ મળેલું છે. લાકડાઓનો જંગી ખડકલો. એકી સાથે પ્રજવલિત અનેક અગ્નિ ચિતાઓમાં આ લાકડાઓ હોમાતા જાય છે. બનારસ મહા સ્મશાન કહેવાય છે. તેનું કારણ આ ઘાટ છે. અહીં ચોવીશેય કલાક અગ્નિસંસ્કારની વિધિ ચાલુ હોય છે. મણિકર્ણિકા તાંત્રિક અઘોરી અને કાપાલિકોની પ્રિય ભૂમિ છે. અહીંની રાખ, માટીને જંતર મંતર અને અંગ ભસ્મ માટે લઈ જાય છે ભભૂતિ બાબાઓ. ઘાટ પરથી ચાલવાનો ક્રમ અહીં તૂટે છે. ગંગાને અડીને બંધાયેલા અલગ અલગ ઘાટ પર ચાલતા ચાલતા અહીં સુધી આવ્યા બાદ, તમારે ગંગાથી દૂર જવું પડે, કેમ કે ગંગાના પાણીને સ્મશાન અડે છે. કિનારા પર ભડકતી આગમાં કોઈનું શરીર રાખ થતું હોય છે. થોડાક પગથિયા ચડીને ઉપરની બજારનો રોડ પકડો ત્યાંથી ધક્કામુકી ખમતા આગળ વધો. થોડીજ વારમાં બાબા મશાન નાથ મંદિર આવે અને ઘાટ સ્મશાન મુકત. અહીં ગંગા કિનારે એક મહાદેવ મંદિર છે. આ એક તરફથી આડું ઢળેલું છે. કોઈ કિંવદન્તી છે આમ હોવા અંગેની. તેથી તેને સીધું કરવામાં આવતું નથી, રત્નેશ્વર મહાદેવ. અહીં એક કુંડ છે જેમાં પાર્શ્વનાથ દાદાના ચરણપાદુકા હતા. પરંતુ હવે એની નિશાની બચી નથી.

આગળ સિંધિયા ઘાટ છે. વિશાળ અને સાફ સૂથરો. પછી આવે ગંગા મહલ ઘાટ. તે પછી ભોંસલે ઘાટ. પૂનાના શનિવાર વાડાની યાદ અપાવે તેવું કશુંક પછી નયા ઘાટ આવે. અહીં હવેલી જેવી હોટેલ છે. પછી ગણેશ ઘાટ. ગણેશ ઘાટથી પગથિયા ઉપર જાય છે અને રામઘાટ રોડને મળે છે. આ પગથિયાઓથી ઉપર ચડો અને જમણા હાથે થોડુંક ચાલો એટલે શ્રી ચિંતામણી પાર્શ્વનાથ મંદિરે પહોંચી જવાય.

અહીં રામ મંદિર છે અને રામ મંદિર આવવા માટે એક ઘાટ છે. તેને રામઘાટ કહેવાય છે. તેને લીધે આ વિસ્તારને રામ ઘાટ નામ મળેલું છે. ભદૈનીથી રામઘાટની પદયાત્રા એટલી બધી વાર થઈ છે કે આખોય રસ્તો મોઢે છે. પરંતુ ગણેશ મંદિર ઘાટથી મહેતા ઘાટ અને રામઘાટ સુધી ચાલી જવાયુ પછી આગળ જવાનું મોટે ભાગે બન્યું નથી. એક વાર રસ્તો સમજાયો નહીં અને ગણેશઘાટથી સમજાયું કે પાછા જવું પડશે. રામ ઘાટના પગથિયા ચડવાનું શરૂ કર્યું. એ પગથિયા એટલાં લાંબા અને ઉત્તુંગ કે ચડતાં ચડતાં થાક લાગી ગયેલો.

શાંત સુધારસમાં લોકસ્વરૂપ ભાવના આવે છે. લોક કેવો છે, તેનો ચિતાર તેમાં રજૂ કર્યો છે. નજર સામે જે આવે તે બધું જ ઉપયોગી હોતું નથી છતાં વારંવાર જોવાય તેને લીધે યાદ રહી જાય છે. ઘણાય ઘાટનાં નામ રહી ગયા હશે. બનારસના ગંગા કિનારે ૮૮ ઘાટ છે. ઉનાળાના દિવસોમાં ઘાટ-ઘાટના મારગડે ચાલવા મળે. વરસાદની મોસમમાં બધા જ ઘાટ પાણીમાં ગરક થઈ જાય. ઊંચી ઊંચી ઈમારતો અને કિલ્લાઓ જે ગંગાના દરેક ઘાટ પર જોવા મળે છે. તેના દરવાજા સુધી ગંગા ઉપર ચડે છે. સિત્તેર અથવા સો પગથિયાં પાણીમાં ડૂબી જાય એટલું બધું પાણી ઉભરે છે. ગંગામાં સામો કાંઠો તો અદૃશ્ય જ લાગે.

ચારેય તીર્થંકર ભગવંતોની આ જન્મભૂમિ છે. ગંગા કિનારો આ દૃષ્ટિએ વહાલો લાગે. ગંગાના પાણી ઘણાં ઘણાં વહી ગયા. આકાશ , બનારસી આકાશ એનું એ છે. ચારેય તીર્થંકરો રાજપુત્ર એટલે કે બનારસ વાસીઓ પ્રભુના પ્રજાજન. આ કોમ્બિનેશન જ યાદ આવતું રહે. દીક્ષાકલ્યાણકના ચાર વરઘોડા બનારસે જોયા. **नयणमाला सहस्सेहिं पिच्छिज्जमाणे** પ્રભને હજારો નયનયુગલ જોતા હોતા અને તે સૌ બનારસી હતા. **वयणमाला सहस्सेहिं अभिथुव्वमाणे** પ્રભુની સ્તવના હજારોના મુખે થઈ રહી હતી ત્યારે અને એ સૌ બનારસી હતા. **अंजलि माला सहस्सेहिं दाइज्जमाणे** હજારો લોકો પોતપોતાની આંગળી લાંબી કરીને એક બીજાને કહેતા હતા કે ઓ પેલા દેખાય છે તે આપમા ભગવાન છે એ સૌ બનારસી બાબુ હતા. **हिययमाला सहस्सेहिं विच्छिप्पमाणे** હજારો હૃદય પ્રભુ પ્રત્યે અહોભાવિત હતા અને એ સૌ બનારસી હતા. **मणोरहमाला सहस्सेहिं विच्छिप्पमाणे** હજારો ભક્તોના

મનમાં પ્રભુ માટે ઉત્કટ કલ્પનાઓ રમી રહી હતી અને એ સૌ બનારસના હતા. नर-नारी-सहस्साणं अंजलि-माला-सहस्साईं पडिच्छमाणे હજારો -હજારો નરનારીઓ પ્રભુને અંજલિ જોડીને વંદના કરી રહ્યા હતા અને પ્રભુ સૌની વંદના સ્વીકારી રહ્યા હતા. કલ્પસૂત્રના મૂળ શબ્દો ગંગા નદીનો ઉલ્લેખ કરતા નથી. જો આ વર્ણનમાં ગંગાનદીનો ઉલ્લેખ કરવાનો હોય તો કેવી રીતે થાય. तरंगमालासहस्सेहिं वद्धाविज्जमाणे ગંગાનદીના હજારો તરંગો પ્રભુને વધાવી રહ્યા હતા. આવું જ કાંઈક લખાય.

ગંગાનદીના કારણે બનારસમાં ઉમસ ખૂબ રહે છે. ગરમીમાં બફારો વધારે લાગે. શિયાળામાં ધુમ્મસ ભરપૂર. ભેલુપુરની ધર્મશાળાના ઓરડાની બારીમાંથી પ્રભુનું જિનાલય દેખાય, એમાં કોઇ નવાઇ નથી. શિયાળાના સમયમાં બારીમાંથી ધુમ્મસના થર દેખાય અને એ થરમાં દેરાસર અદશ્ય થઇ ગયું છે તે પણ દેખાય. ચોમાસામાં ગંગાનું તોફાન ભારી. ઉનાળામાં ઘાટ પરથી ચાલતા જવા મળે અને એ ઘાટ લોકોની અવરજવરથી ધમધમતો હોય. રાત્રે અંધારું ન લાગે તે માટે લાઇટના ઉત્તુંગ થાંભલાઓ ઠેર ઠેર ઊભા કરવામાં આવ્યા છે. ચોમાસામાં આ થાંભલા આખેઆખા પાણીમાં ડૂબી ગયા હોય. હરિશ્ચંદ્રઘાટ અને મણિકર્ણિકા ઘાટ પરના સ્મશાનની ભૂમિ પાણીમાં જતી રહે. લોકો, મૃતકોના અંગૂઠે આગ અડાડીને એને પૂરથી છલકાતી ગંગામાં ફેંકી દે. વિદેશીઓ આવા અર્ધ-જ્વલિત અને અજ્વલિત શબના ફોટાઓ પાડી પોત પોતાના બ્લોગ કે સાઇટ પર મૂકીને ભારતની ટીકા કરતા રહે. પતિતપાવનનું બિરૂદ ભારતીય પ્રજાએ જ ગંગાને આપ્યું છે. અને આ ગંગા નદીમાં આ ભારતીય પ્રજા નાના મોટા મૃતકને તરતા મૂકી દે છે. ધસમસતા પાણી સાથે એ જડ શરીર તણાંતાં જાય પછી કોઇ કિનારે અથડાઇને અટકી જાય. જલચરો દ્વારા ઘવાયેલા મૃતક પર કાગડા, ગીધ અને માખીઓના ઝૂંડ જામી પડે. ગંગાની આ વરવી વસ્તુ સ્થિતિ છે. ગંગામાં કાચબા ઘણા છે. ગંગા કિનારે રહેતા એક દિગંબર જૈને કહ્યું હતું કે ચૌમાસે મેં કછુએ ઘર મેં આ જાતે હૈં, કોઇ બીમાર હોતે હૈં, કોઈ ઘાયલ. મૈંને એક કછુઆ દેખા થા, જિસકે પેટ પર ઓમકાર બના હુઆ થા. બીમાર થા જબતક ઈલાજ ચલા, મેરે ઘર મેં રહા, અચ્છા હોને પર મૈંને ઉસે પાની મેં છોડ દિયા. ઐસા કછુઆ શાયદ હી કિસીને દેખા હોગા.

ભર્તૃહરિના વૈરાગ્ય શતકમાં ગંગાતીરે નિવાસની ઉત્કંઠા વાંચી છે. બનારસ પાસેથી વહેતી ગંગા નદીને શાંતિભંગ કરનારી વિદ્યુતનૌકાઓનું ગ્રહણ લાગેલું છે. ગંગા નદી પર હજારો નાવ તરતી હોય છે. લગભગ દરેક નાવને મશીન લાગેલું હોય છે. આ મશીનનો ફટફટ ફટફટ ફટફટ એવો અવાજ ગંગાના કિનારાને અશાંત બનાવી રાખે છે. હલેસાવાળી હોડીઓમાં આવો અવાજ નથી, પરંતુ હલેસાથી હોડી ચલાવવામાં તાકાત ઘણી લાગે છે. અને સમય વધુ લાગે છે. જ્યારે જ્યારે ગંગાકિનારો જોયો ત્યારે ત્યારે મશીનબોટની કર્કશતાએ ત્રાસ વર્તાવ્યો ચંદ્રપુર બનારસથી દૂર છે. તેથી ચંદ્રપુરમાં મશીનબોટનો અવાજ નહીં હોય એમ માન્યું હતું, પરંતુ ચંદ્રપુરમાંય મશીનબોટનો ઘોંઘાટ છે. હા, વિંધ્યાંચલમાં આવો ઘોંઘાટ નથી. હાઈવે પર જેમ મોટા વાહનોનો ઘોંઘાટ કાનને પીડા આપે છે તેમ ગંગા કાંઠે શાંતિનો અહેસાસ મેળવવાનો હોય છે, તેમાં મશીનબોટનો કર્કશનાદ બાધાકારી બને છે. ગંગાકિનારો ફકત અને ફકત જલધારાનો અવાજ સંભળાતો હોય તેવી ક્ષણ મોડી રાતે અને વહેલી સવારે મળે. કાર્તિકી પૂનમે ભદૈની જિનાલયની પાછળ બનેલી ધર્મશાળામાં રાત વિતાવીને બીજા દિવસની વહેલી સવારે ગંગાનો શાંત-પ્રશાંત કિનારો અનુભવમાં લીધો હતો. જિનાલય કલ્યાણક-ભૂમિનું. તેના પ્રાંગણને અડીને વહેતી ગંગા મંત્રજાપની અનુભૂતિ અલગ જ હતી. વાચકયશને उपगंगम् એટલે કે ગંગા સમીપે સારસ્વતજાપનો પ્રભાવ જોવા મળ્યો હતો, એ કથાનક યાદ કરતાં કરતાં જાપ કરેલો.

ગંગાનદીનો પટ ઘણો જ પહોળો છે. સામે પૂર્વ દિશામાં દોઢેક કિલોમીટર સુધી કેવળ નદી જ નદી છે.



Scanned by CamScanner

ઉત્તર અને દક્ષિણમાં પણ આટલો જ લાંબો પટ દૂર દૂર સુધી વિસ્તરેલો છે. પરિણામે ત્રણેય દિશામાં વિશાળ અવકાશ ખુલ્લો દેખાય છે. અને સંપૂર્ણ અવકાશનાં માથે અપરિસીમ આકાશ વિસ્તરેલું હોય છે. રાતનું અંધારું પણ વધારે ઘનઘોર લાગે અને દિવસનો અજવાસ પણ વધારે દીપ્તિમાન્ લાગે.

પ્હોં ફાટે તે પહેલાં ગંગાકિનારે બેસી જનારો, ગંગા અને સૂરજની આત્મીયતાને નજીકથી જોઇ શકે. ઘેરી કાળાશને ધારી રાખનારું આકાશ, પૂર્વના ખૂણે ઝાંખી ઝાંખી લાલાશ પકડે છે. એ લાલાશ ગંગાના પાણીમાં પડછાયો પાડે છે. આકાશનો પૂરવી ખૂણો લાલાશ વધારતો જાય અને ગંગાજળમાંય લાલ છાયા પ્રસરતી જાય. હવે આસમાનનો પૂરવ ખંડ કેસરિયો થવા માંડે અને કાચ જેવા ગંગાના નીરને કેસરિયો રંગ ચડે, સોનેરી રંગનો ઢોળ પૂર્વ દિશાને અને ગંગાના નીરને સાગરને મળે છે. અને પછી સૂરજની એક આછેરી રેખા ડોકાય. ગંગા એ રેખાનો આબાંદ પડછાયો બતાવે. એ રેખા ઉપર ચડે અને ગંગામાં પડછાયો બન્યો હોય તેનો આકાર વધે. સૂરજ આખેઆખો બહાર આવે તે મોંઘેરો સમય ગંગામાં ઝબૂકતો જોવા મળે. સૂરજ તો કેવળ પૂરવની કોરે ઊભો હોય, પણ ગંગામાં સૂરજનું જે પ્રતિબિંબ પડે તેની લાંબી ધાર બને. સૂરજ કરતા એ ધાર વધુ મોટી અને વધુ દેદીપ્યમાન. તમે ગંગાનદીનાં જળને અડોઅડ બેઠા હો અને સૂર્યનું પ્રતિબિંબ લાંબી રેખા બનીને તમારા ખોળા સુધી લંબાય, સૂરજ નાનો રહે અને સૂરજનો પડછાયો મોટો બને. સૂરજ ગંગાની નજીક હોય ત્યાર સુધી એનો પડછાયો લાંબો રહે. સૂરજ જેમ જેમ ઉપર ચડતો જાય તેમ તેમ પડછાયો ટૂંકાતો જાય. એક હદ વીતે પછી સૂરજનો નાનો પડછાયો જ પાણીમાં જોવા મળે. લાંબી રેખા નહીં.

તીર્થની નજીકમાં રહેવાનું હોય. તીર્થથી દૂર રહે તેને અમુક શુભભાવો મળતા નથી. તીર્થની ભૂમિનો એ પ્રભાવ હોય છે. તમારા શુભ ભાવોને વિસ્તૃત બનાવે છે તીર્થનું વાતાવરણ. તમારી ભાવનાઓને એક અનોખી ઊંચાઇ આપે છે. તીર્થનો પરિવેશ, સૂરજ જેમ જેમ ગંગાથી દૂર થાય છે. તેમ તેમ પ્રતિબિંબ નાનું થતું જાય છે. એ ક્રમ સાંજે તૂટે છે. સૂરજ ફરી નજીક આવે છે અને તેનો પડછાયો ફરી લાંબો થાય છે. સવારનો પડછાયો પૂર્વથી પશ્ચિમ તરફ લંબાય છે. સાંજનો પડછાયો પશ્ચિમથી પૂર્વ તરફ લંબાતો હોય છે. પરંતુ બનારસ શહેરની ઈમારતોએ પશ્ચિમ કાંઠાને ઢાંકી દીધો છે. તેથી પશ્ચિમનો પડછાયો, પૂર્વના પડછાયાની જેમ લંબાયેલો જેવા મળતો નથી. બીજી વાત એ છે કે સૂરજને જોવાનો મોકો પશ્ચિમ દિશા તરફથી મળે છે. બનારસની ગંગાનો સામો કિનારો પૂર્વ દિશામાં છે. એ કિનારે બેસીને પશ્ચિમ તરફ ઢળતા સૂરજને જોવાનો મોકો મળ્યો નથી. કદાચ એ દશ્ય વધારે રમણીય હોય, આખાય બનારસના માથે ઢળતો સૂરજનો જ્યોતિપ્રકાશ શહેરના પાછળ ગરક થતો જાય અને સૂરજની પશ્ચિમી રેખા લાંબી ખેંચાઇને પૂર્વના કિનારાને અડે.

બનારસની ગંગા અને અન્ય ગંગામાં ફરક છે. બનારસની ગંગાના કિનારે, પથ્થરના ઘાટ છે. આ ઘાટ ગંગાને શહેરી રૂપ આપે છે. જંગલી જમીનની લગોલગ વહેતી ગંગાનું સૌંદર્ય અલગ છે. બનારસી ગંગા પ્રશિક્ષિત લાગે છે. એના વહેણ તમને ઘણું બધું શીખવતા રહે. તૂં તૂંઠી મુજ ઉપરે, મા સરસ્વતી, ગંગા કિનારે પ્રસન્ન થઈ, એમ વાચકજસે શ્રી જંબૂસ્વામી - રાસના પ્રારંભે લખ્યું છે.

ક્રમશઃ

**કોલસાથી વધુ કાળા કોણ ?**

કોલસા વચ્ચે પડી એક તકરાર
સૌ કહેવા લાગ્યા કે,
હું કાળો, હું જ વધુ કામણગારો
એક શાણો કોલસો બોલ્યો :
આવું અભિમાન રહેવા દો
આપણાથી વાધું શ્યામ સુંદરો
દેશમાં ઠેર ઠેર પડ્યા છે.
આ સાચું ન લાગતું હોય તો
દિલ્હીના સંસદભવનમાં
એક આંટો મારી આવો
તો બધાનો ગર્વ ઓગળી જશે



Scanned by CamScanner